ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૩ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

લીલા મરચાં હવે વધુ તીખા લાગશે

મોંઘવારીનો માર : લીલા દેશી મરચાં ૮૦ રૂપિયે કિલો અને લવિંગિયા મરચાં ૧૨૦ રૂપિયે કિલો

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં એક બાદ એક ખાદ્ય ચીજ વસ્તુઓના ભાવમાં વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે માર્કેટમાં હવે મરચાંના ભાવમાં વધારો થયો છે. દેશી મરચાં ૮૦ રૂપિયે કિલો, લવિંગિયા મરચાં ૧૨૦ રૂપિયે કિલોના ભાવમાં વેચાઈ રહ્યા છે.

જેના વગર કોઈ શાકનો અસલી સ્વાદ નથી આવતો તેવા લીલા મરચાંના ભાવ શહેરીજનોને હવે રડાવશે. ગૃહિણીઓ માર્કેટમાં શાકભાજી લેવા જાય ત્યારે વેપારીઓ શાકની સાથે સાથે મરચાં તો ફ્રીમાં જ મુકી આપતા હતા. જે હવે મોંઘવારીના કારણે ગૃહિણીઓને મરચાં માટે અલગથી પૈસા આપવા પડશે. છૂટકમાં મળતા મરચાં કોથમીરને વેપારીઓ ગ્રાહકોને ફ્રીમાં આપતા બંધ થઈ ગયા છે. વધતી જતી મોંઘવારીએ રસોડાની

જરૂરિયાતવાળી ચીજવસ્તુઓના ભાવ વધારતા શાકભાજીનો સ્વાદ માણવો ફીક્કો બની જવા પામ્યો છે. તેમાં ઉનાળાના આ દિવસોમાં આથેલા મરચાં બનાવવામાં આવી રહ્યા છે. આથેલા મરચાંની મોસમમાં જ મરચાનાં ભાવ વધી જતા શહેરીજનોને આથેલા મરચાં બનાવવા મોંઘા પડશે. આમ તો ભોજનના દરેક સ્વાદમાં તીખાશનું ખાસ મહત્વ છે. ગુજરાતીઓના ભોજનમાં તીખી વાનગીનું વિશેષ મહત્વ છે. આપણે ત્યાં ભોજનની શરૂઆત સ્વાદિષ્ટ ચટપટી વાનગીથી અને અંત ગળપણથી થતો હોય છે. ભોજનમાં વાનગીમાં તીખાશ લાવવા મરચું આધારસ્તંભ ગણાય છે. મરચાંનો વઘાર કર્યા પછી ધમધમાટ ભરી સોડમ પ્રસરી જાય છે જે ભૂખ ઉઘાડી દે છે. મરચાંનો ઉપયોગ દરેક અવનવી ખાદ્ય સામગ્રીઓમાં કરવામાં આવે છે. મરચાંના ગોટા પણ લોકપ્રિય છે જે હવે મરચાંની ભાવ વધતા તેમાં પણ મોંઘવારીની અસર જોવા મળશે. એક પછી એક ચીજવસ્તુઓ ગૃહિણીઓને રડાવી રહી છે. ટામેટા, લીંબુ બાદ હવે મરચાંના ભાવમાં વધારો થવાથી શહેરીજનો અકળાઈ ઉઠયા છે.

છેલ્લા ઘણા દિવસોથી ઈંધણના ભાવમાં થયેલા વધારાની અસર શાકભાજીના ભાવ પર પડી રહી છે જેના કારણે વાહન વ્યવહારનો ખર્ચ વધી ગયો છે. વધતા ભાવની સૌથી વધુ અસર લીંબુ અને મરચાં પર પડી છે. ઉનાળામાં ગૃહિણીઓ પાપડ અને સાબુદાણાની ચકરી બનાવે છે જેમાં મરચાંનો પણ ઉપયોગ કરવામાં આવે છે. મરચાં વગર દરેક વસ્તુ ફિક્કી બની જાય છે. આ મોંઘવારી ક્યાં સુધી વધશે ગૃહિણીઓને ભોજન બનાવવામાં અને ઘરવખરીની ખરીદી કરવામાં ઘણો કાપ મુકવો પડી રહ્યો છે. મધ્યમ અને ગરીબવર્ગના નાગરિકોને અસહ્ય મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. ગરીબ માણસો એક ટંક જમવામાં મરચું અને રોટલો ખાઈને પેટ પૂજા કરતા હોય તેવામાં મરચાના ભાવમાં વધારો ગરીબો માટે વધુ મુશ્કેલરૂપ બને છે. માર્કેટમાં શાકભાજીની આવક ઉનાળામાં ઓછી હોવાથી અમુક શાકભાજી ઘણા મોંઘા થયા છે અને તેવામાં ગ્રાહકોની સંખ્યા પણ ઘટી રહી છે.

સે-૭-એ વસાહત મંડળ દ્વારા બાળચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા યોજાયેલી ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટેની બાળચિત્ર સ્પર્ધામાં ૪૮ બાળકોએ ભાગ લીધો હતો. જેમણે કુદરતી દૃશ્ય અને મનપસંદગીનું ચિત્ર દોરીને વેકેશનમાં મોજમસ્તી માણી હતી. ધોરણ ૧થી ૩માં રીતિકા રાવલ અને ગ્લોરી મેકવાન, ધોરણ ૪ થી ૭માં પ્રારબ્ધ હળવદીયા અને તિશા સુહાન, ધોરણ-૮ થી ૧૦માં મિશ્રી પટેલ અને પ્રદ્યુમનસિંહ રાઠોડ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા બન્યા હતા. દરેક બાળકોને ડ્રોઈંગ બુક અને સ્કેચપેનનો સેટ આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વીબેન મણિયાર, પોપટલાલ પ્રજાપતિ અને હીરલબેન શાહે સેવાઓ આપી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા ભદ્રેશભાઈ શાહ, વંદનાબેન રાવત, ગ્રીષ્માબેન વર્ષાત, સંજયસિંહ વાઘેલા, ઓમ પટેલ, રોનકબેન પંડયા, તેજસ ગાંધી, પ્રો. અશોકભાઈ પટેલ અને જશવંત ગાંધીએ જહેમત ઉઠાવી હતી. રોનકબેન તરફથી દરેક બાળકોને ફ્રુટી પીવડાવવામાં આવી હતી.

કેરળના રાજ્યપાલ આરીફ મહોમ્મદ ખાને દાંડી કુટિરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૭

પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતઓના વિભાગ હસ્તકના દાંડી કુટિર સંગ્રહાલય ખાતે આજે કેરળ રાજયના રાજ્યપાલ આરીફ મહોમ્મદ ખાને મુલાકાત લીધી હતી અને ગાંધીજીના જીવન પ્રસંગો આધારીત વિવિધ પ્રકારની ટેકનોલોજીથી પ્રદર્શની નિહાળીને ખુશીની લાગણી અનુભવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આરીફ મહોમ્મદ ખાન વર્ષ ૨૦૧૯થી કેરલ રાજયના રાજ્યપાલ છે તેમજ તેઓ ૧૯૮૯-૧૯૯૦માં કેન્દ્ર સરકારના ઉડ્ડયન મંત્રી હતા. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલની સાથે હરિજન સેવા સંઘના અધ્યક્ષ જયેશ પટેલ પણ હાજર રહ્યા હતા. તેમની

મુલાકાત દરમિયાન પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના નિયામક ડો. પંકજ શર્મા, દાંડી કુટિર સંગ્રહાલયના ક્યુરેટર ડો. ધિરજ ચૌધરી સહિત અધિકારીઓએ હાજર રહી મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતુ.

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રહેલ જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ૧૯મેના રોજ ૨૨ વર્ષ પુર્ણ કરી ૨૩માં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે. છેલ્લા ૨ વર્ષથી કોરોના મહામારીના કારણે અનામી મૃતકો અને ગાંધીનગરમાં અવસાન પામેલ તમામ નગરજનોના મોક્ષ અર્થે યોજવામાં આવતી શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન થઈ શકયું નથી. પરંતુ આ વર્ષે પ્રભુ કૃપાથી કોરોના મહામારીમાં રાહત હોવાથી સંસ્થાના સ્થાપના દિન ૧૯મેને ગુરુવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું છે અને સ્થાપના દિને અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ તેમજ અમદાવાદ સિવલિ ખાતે દર્દીના સગાને વિના મુલ્યે ભોજન પીરસતી સંસ્થાને તેઓની જરૂરિયાત મુજબનું અનાજ કરિયાણું આપવામા આવશે.

સંસ્થાના તમામ આજીવન સભ્યો, સંસ્થાની પ્રવૃત્તિમાંહંમેશા મદદરૂપ થતાં દાતાઓ ગાંધીનગર સ્થિત તમામ સેવાભાવી નાગરિકોને પધારવા આમંત્રણ પાઠવ્યું છે.

‘માઈક્રોફિકશન બાઈટ્સ’ પુસ્તક વિમોચન કાર્યક્રમ ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આયોજિત કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દિનાંક ૨૨ મે રવિવારે સાંજે પાંચથી સાત સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય હૉલ, સેકટર - ૨૨ ખાતે આજના જમાનાની જરૂરિયાત જેવી ટચૂકડી વાર્તાઓ એટલે કે માઈક્રોફિકશન વાર્તાના પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે.

‘માઈક્રોફિકશન બાઈટ્સ’ પુસ્તકનું વિમોચન જાણીતા કવિ, લેખક અને વક્તા ભાગ્યેશ જહા, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ગીત લેખક પ્રશાંત કેદાર જાદવ, યુવા લેખક હર્ષલ માંકડ, લોક ગાયક મયુર હેમંત ચૌહાણ અને આ પુસ્તકના સંપાદક જિજ્ઞેશ અધ્યારૂ દ્વારા કરવામાં આવશે.

‘માઈક્રોફિકશન બાઈટ્સ’ પુસ્તકમાં ગુજરાતના વિવિધ ૫૯ લેખકોની ૯૪ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં માઈક્રોફિકશન વાર્તાઓનું વાચીકમ્ થશે અને વાર્તા ભજવવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિક, અંકુર બેકર, મયૂરિકા બેંકર અને રાજુ ઉત્સવ તૈયારી કરી રહ્યા છે. ગાંધીનગર સાહિત્યસભા અને સૌ સાહિત્ય પ્રેમીઓને આ કાર્યક્રમમાં હાજર રહેવા મહામંત્રી રમેશ ઠક્કરે આમંત્રણ આપ્યું છે.

સાયન્સ સીટી દ્વારા આયોજિત રાષ્ટ્રીય ટેક્નોલૉજી દિવસની ઉજવણીમાં બીબીએ કૉલેજ જોડાઈ

ગાંધીનગર, તા.૧૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા રાષ્ટ્રીય ટેક્નોલૉજી દિવસની ઉજવણી માટે સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૧૯૯૮ની ૧૧ મે ના રોજ કરવામાં આવેલ અણુ વિસ્ફોટ અખતરાની યાદમાં આ દિવસને ટેકનૉલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતની આણ્વિક શક્તિ અને પોખરણ – ૧ અને ૨ બાબતની તલસ્પર્શી માહિતી કાર્યક્રમમાં આપવામાં આવી હતી. સાયન્સ સિટીના ડાયરેક્ટર એચ.સી. મોદી ઉપસ્થિત રહ્યા હતા અને ચાવીરૂપ પ્રવચન આપ્યું હતું. સ્પેસ સાયન્સના વિવિધ મોડ્યુલ્સ મેનેજમેન્ટ ક્ષેત્રે કઈ રીતે ઉપયોગી થાય તે બાબત વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીમાં વિવિધ પ્રદર્શન તેમજ ઓડિયો વિડીયો આધારિત અનેક પ્રોજેક્ટ્સ, મોડ્યુલ તેમજ ચાર્ટ નિહાળ્યા હતા. તેમજ હોલ ઓફ સાયન્સ હોલ ઓફ માર્સની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ અહીના

મેનજમેન્ટનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો હતો. જેથી ભવિષ્યમાં તેઓ પણ વિવિધ મેનેજમેન્ટ ઈવેન્ટ મેનેજ કરી શકે. વિદ્યાર્થીઓ સાથે સાયન્સ સિટી તરફથી પુલકીતભાઈ તેમજ હર્શિદાબેને વિદ્યાર્થીઓ સાથે સમન્વય સાધી સંપૂર્ણ મુલાકાત સફળતાપૂર્વક કરાવી હતી. વિદ્યાર્થીઓ વેકેશન દરમ્યાન મળેલ સમય નો સદુપયોગ કરે તેમજ તેઓને અવનવી બાબતો જાણવા મળે તે ઉદેશ્યથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ મેનેજમેન્ટનાં અભ્યાસક્રમમાં જ ઈવેન્ટને મેનેજ કરવાના ગુણો શીખે છે. તેમજ તેને અમલમાં મૂકી શકે તે માટેની સુવર્ણ તક વિદ્યાર્થીઓને અહીંના કાર્યક્રમથી સાંપડી હતી. અભ્યાસની સાથે સાથે આવી મુલાકાતો યોજવા પાછળ કોલેજનો ઉદેશ્ય તેઓને બાહ્ય દુનિયામાં પોતાના જ્ઞાનનાં ક્રિયાત્મક પ્રયોગ કરવાનો મોકો મળે તે માટે નો હોય છે.

કૉલેજ તરફથી મુલાકાત ને સફળ બનાવવા આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો. રિપલ મહેતા તથા કોલેજ પરિવાર દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં કેન્સરના ૨૫૩ દર્દીઓ મળી આવ્યા

ઓરલ કેન્સરના ૧૧૯, બ્રેસ્ટ કેન્સરના ૨૦, સર્વાઈકલ કેન્સરના ૧૦૧ તથા અન્ય ૪ કેન્સરના કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં કેન્સરના ૨૫૩ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે. જેમાં ઓરલ કેન્સરના ૧૧૯ કેસ, બ્રેસ્ટ કેન્સરના ૨૯ અને સર્વાઈકલ કેન્સરના ૧૦૧ તથા અન્ય ૪ શંકાસ્પદ કેન્સરના કેસ મળી આવ્યા છે તેમજ ગર્ભાશયના કેન્સરના નિદાન માટે ૩૬૫ સેમ્પલ લેવાયા છે. ગાંધીનગરના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી તેમજ સહકારમંત્રી અમિત શાહ દ્વારા કેન્સર અભિયાન ‘સર્વે સ્ક્રીનીંગ અને સારવાર’ શરૂ કરાયું છે. પ્રથમ તબક્કામાં ગાંધીનગર અને કલોલ તાલુકાના ૯ પીએચસીમાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ૨૬ માર્ચથી આ અભિયાનનો આરંભ કલોલ ખાતેથી કરવામાં આવ્યો હતો. જેમાં અત્યાર સુધી આશા બહેનો દ્વારા ડોર ટુ ડોર જઈને ૧,૧૦,૬૪૪ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે અને ૧૯૯૨૯ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. જેમાં અલગ અલગ પ્રકારના કેન્સરના શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આ અંગેની માહિતીની તપાસ અને યોગ્ય પગલાં લેવા માટેના સૂચનો કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં કેન્સરના વધતા જતા દર્દીઓ એ ખૂબ ગંભીર બાબત છે. વધત જતા કેન્સરના દર્દીઓ માટે ઘરે ઘરે જઈને કેન્સરને લગતા ૩૦ જેટલા સવાલો પૂછવામાં આવે છે અને જો કેન્સરના લક્ષણો જોવા મળે તો જીસીઆરઈ અમદાવાદની કેન્સર સર્જન ટીમ દ્વારા તપાસવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં વધતી જતી કેન્સરની બિમારી પ્રત્યે આરોગ્ય વિભાગ ઝડપી કામગીરી કરી રહ્યું છે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌતમનો પણ ફાળો રહ્યો છે.

વર્લ્ડ ટેલીકોમ્યુનીકેશન દિવસની ઉજવણી અંતર્ગત બાળકોએ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૭

૧૭ મે વર્લ્ડ ટેલીકોમ્યુનીકેશન દિવસ તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગરના ઉપક્રમે આ દીવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વેકેશન વર્કશોપમાં જોડાયેલા બાળકોને (GIAR) ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો સંસ્થાની મુલાકાત યોજવામાં આવી હતી.

વર્લ્ડ ટેલીકોમ્યુનીકેશન દિવસની ઉજવણી અંતર્ગત જુદી જુદી ટેકનોલોજી કઈ રીતે કામ કરે છે તેનું પ્રદર્શન વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યું હતું ત્યાર બાદ હેમ રેડીઓ કઈ રીતે કામ કરે છે તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમાં જુના વાયરલેસ રેડીઓ દેખાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિઠલભાઈ અજમેરા અને કેતન બારોટ સાથે વિદ્યાર્થીઓએ ઊર્જી કર્યો હતો તેમજ કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા હતા તેના જવાબ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો. અનીલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને (GIAR) ની પ્રવૃત્તિઓ અને જુદા જુદા રેડિયોથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

જન્મદિને વધામણી

મીનાબેન પટેલ

નેહા જે શાહ
મો. ૯૯૨૫૮ ૪૭૭૯૬
૯૨૨૮૮૮૨૩૪૮

ગણપતભાઈ નારણભાઈ પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

પ્રજાપતિ કનુભાઈ બી.
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



શિવાંશી મયુરસિંહ વાઘેલા

ચૌધરી મહિલા કોલેજ ખાતે ખેલ મહાકુંભની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૧મા ખેલ મહાકુંભની મધ્યઝોન કક્ષાની બહેનોની હેન્ડબોલ સ્પર્ધામાં અન્ડર-૧૪ તથા ઓપન વયજૂથનું આયોજન ‘માતૃશ્રી જોઈતીબા એજયુકેશન ઈન્સ્ટીટયુટ ચૌધરી મહિલા કોલેજ’ સે-૭ ગાંધીનગર ખાતે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ૧૫મીથી ૧૭મી મે ૨૦૨૨ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં અન્ડર ૧૪ વય જૂથમાં જુદા જુદા જિલ્લાની ૯ ટીમો ૧૦૮ ખેલાડીઓ બહેનોએ તથા ઓપન વય જૂથમાં ૮ ટીમોના ૯૬ ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. ઓપન વયજૂથમાં મહેસાણાની તથા ગાંધીનગર શહેરની ટીમે રાજયકક્ષાની સ્પર્ધા માટે કવોલીફાય કર્યું હતું. અન્ડર-૧૪ વયજૂથમાં ગાંધીનગર શહેર તથા ગ્રામ્યની ટીમે રાજય સ્પર્ધા માટે કવોલીફાય કર્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દેસાઈ લાડકીબેન બાલાભાઈ,** ઉ.વ. ૫૭, સેકટર-૨
- **સ્વ. ચૌહાણ ઈશ્વરભાઈ હરજીભાઈ,** ઉ.વ. ૫૭, સેકટર-૫
- **સ્વ. બિન્દાદિન કલ્લુસેન,** ઉ.વ. ૫૭, કહારી, યુ.પી.